सत्यमेव जयते

મહુધા ના મે. પ્રિન્સિપાલ સિવિલ જજ શ્રી ની કોર્ટ માં, મુકામ: મહુધા, જી. ખેડા.

રેગ્યુલર સિવિલ સૂટ નં. 17/2019

માનસિંહ બેચરભાઈ સોઢા વિગેરે ...વાદીઓ

વિરુદ્ધ

બાલુસિંહ અંદરસિંગ ચૌહાણ વિગેરે ...પ્રતિવાદીઓ

---

વાદીઓ તરફે વિ. વ. શ્રી. આર.બી. ભટ્ટ
પ્રતિવાદી નંબર 1 થી 3 તરફે વ. શ્રી એન.બી.ચૌહાણ
પ્રતિવાદી નંબર 4 થી 7 માટે કોઈ નથી.

---

**<u>વાદીઓ ની આંક-5 લગત સી.પી.સી. ઓર્ડર 39, રૂલ 1,2 હેઠળ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે ની અરજી તળે હુકમ.</u>**

1. વાદીઓ એ તેઓ ની આંક-5 હેઠળ આ અરજી કરી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા વિનંતી કરેલ છે જેમાં નીચે પ્રમાણે દાદ માંગેલ છે.

   (અ) મું.બગડુ, તા.મહુધા, જિ.ખેડાની ખેતીની જમીન બ્લોક/સર્વે નં. ૩૪ જેનો ખાતા નંબર ૩૩૨ છે તે જમીનના અમો વાદીઓ તથા પ્રા.વાદીનં.૪ થી ૭ ના કબજા ભોગવટામાં આ કામના પ્રા.વાદીઓ નં. ૧ થી ૩ નાઓ કોઈ હેલો, હરકત, અંતરાય જાતે, તેમના માણસો, નોકરો, એજન્ટો, સગાઓ, મળતીયાઓ ધ્વારા કરે કરાવે નહીં

તેવો તથા સદરહુ જમીનમાં વાદીઓ અને પ્રા.વાદી નં. ૪ થી ૭ નાને જાતે કે માણસો ધ્વારા ખેતીકામ કરતાં કે આવતાં જતાં પ્રા.વાદીઓનં. ૧ થી ૩ નાઓ જાતે, માણસો, નોકરો, એજન્ટો, સગાંઓ, મળતીયાઓ ધ્વારા અટકાવ, અંતરાય કરે કરાવે નહીં તેવો દાવાના આખરી નિકાલ સુધીનો મનાઈ હુકમ ફરમાવવા મહે.કરશોજી

(બ) મનાઈ અરજી નો તમામ ખર્ચ પ્ર. વાદીઓ નં 1 થી 3 પાસે થી અપાવશો જી.

(ક) આ સિવાય નામદાર કોર્ટ ને બીજી કોઈ યોગ્ય અને વ્યાજબી લાગે તેવી હરકોઈ દાદ અમો વાદીઓ ના લાભ માં ફરમાવવા મે. કરશો જી.

2. **<u>વાદીઓની દાવા હકીકત:</u>**

A. વાદીઓ એ તેઓ ની દાવા અરજી માં જણાવેલ છે કે વાદીઓ તથા પ્રા. વાદીનં. 4 થી 7 ની સહીયારી માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન મું. બગડુ, તા.મહુધા, જિ.ખેડાના બ્લોક/સર્વે નં. ૩૪ (જેનો જુનો બ્લોક/સર્વે નં. ૩૧) વાળી ખેતીની જમીન આવેલી છે. જેનો ખાતા નંબર: ૩૩૨ છે જેનું હાલનું ક્ષેત્રફળ હે.પ્યારે.ચો.મી. ૧-૦૧-૩૫ તથા તેનો આકાર રૂા.૬-૫૩ ન.પૈ. છે. પેરા- ૧ માં જણાવેલ વર્ણનવાળી જમીનની ચર્તુસીમા નીચે મુજબ છે.

-પૂર્વે:- બ્લોક/સર્વે નં. ૩૬ આવેલો છે.

-પશ્ચિમે : બ્લોક/સર્વે નં. ૩૦ અને ૩૨ અને ૧ આવેલા છે.

-ઉત્તરે : બ્લોક/સર્વે નં. ૪૦ આવેલો છે.

-દક્ષિણે: બ્લોક/સર્વે નં. ૪૦૫ આવેલો છે.

B. વાદીઓ વધુ માં જણાવે છે કે દાવાવાળી જમીન વાદી નં. 1,3 ના પિતા, વાદી નં. 2/1 અને 2/2 ના પિતા, અને પ્રા.વાદીનં. 5 થી 7 ના દાદા- ગુજ. ફતેસિંહનાઓને ગણોતધારાનો કેસ મામલતદાર અને કૃષિપંચ નડીઆદમાં ગણોત કેસ નં. ૩૨ ગ /૧૨૨૪ - ૧૨૨૫/૯૨ ના કેસમાં તા. ૧૪-૬-૯૫ ના રોજના ગણોત હકકથી મળેલી છે જે કેસમાં જમીન માલીક તરીકે આ કામના પ્રા.વાદીનં.૧ થી ૩ નાઓ હતા. મામલતદાર અને કૃષિપંચ નડીઆદ નાઓએ અમો વાદીનં. ૧, ૩ તથા તેઓના ગુજરનાર ભાઈ ફતેસિંહ બેચરભાઈને આ વાદવાળી જમીનના ગણોતીયા ઠરાવેલા ત્યારબાદ તેની સામે ખેડા જીલ્લાના મે. નાયબ કલેકટર (જ.સુ.) સાહેબની કોર્ટમાં ટે. અપીલ નં. ૧૭૯/૯૫ થયેલી. જે નામંજુર કરવામાં આવતાં તેની સામે ગુજરાત મહેસુલ પંચ અમદાવાદમાં રીવીઝન અરજી નંબર ટીઈએન/બી.એ.નં.૨૬૯/૯૬ ની દાખલ થયેલી. સદરહુ રીવીઝનનો ઠરાવ તા.૩-૪-૨૦૧૨ ના રોજ થયેલો અને તેમાં પણ નીચેની બંને કોર્ટોના હુકમો મંજુર રાખેલા અને રીવીઝન અરજી નામંજુર કરવામાં આવેલી. આમ વાદીનં. ૧ થી ૩ તથા પ્રા.વાદીનં.૪ થી ૭ નાઓ વાદવાળી મિલકતના પ્રત્યક્ષ કબજા ભોગવટેદાર કાયદેસર રીતે છે. તેમજ ફતેસિંહનાં પત્નિ બાલુબેન ૫ વર્ષ પહેલાં ગુજરી ગયેલ છે. ફતેસિંહની દિકરી લક્ષ્મીબેન ઉર્ફે લખીબેન ૧ વર્ષ પહેલાં ગુજરી ગયેલ છે. ફતેસિંહની બીજી દિકરી રંજનબેન આજથી ૮ વર્ષ પહેલાં ગુજરી ગયેલ છે.

C. આમ વાદવાળી જમીન વાદીઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની છે તેમાં તેઓ સીઝન મુજબ ડાંગર વિ.નું વાવેતર કરે છે. વાદીઓને ટેનન્સી કોર્ટમાં સદરહુ જમીન મળેલ હોવાથી સદરહુ કામના પ્રા.વાદીનં.૧ થી ૩ નાઓને આ વાદવાળી જમીન નહીં

મળવાથી તેઓની દાનત વાદીઓની આ જમીન પડાવી લેવાની બદદાનત હોવાથી આ પ્રા.વાદીનં.૧ થી ૩ નાઓ દાવો દાખલ કર્યા ના એક દિવસ પેહલા સાંજના ૬ વાગે વાદી નં.૧ તેઓના વાદવાળા ખેતરમાં હતા ત્યારે પા. વાદી નં. ૧ થી ૩ નાઓ ત્યાં આવેલા અને વાદવાળી જમીન પોતાને ખેડવા માટે આપવાની માંગણી કરેલી. જેની વાદીઓએ ના પાડતાં આ પ્રા.વાદીઓ નં.૧ થી ૩ નાઓએ વાદીઓને જણાવેલ કે, આ જમીન ભલે તમોને ટેનન્સીમાં મળેલ છે પરંતુ તેઓનું જુથ મોટુ છે જેથી જુથબળના જોરે વાદવાળી જમીનનો બળજબરીથી કબજો કરી લઈશું અને તમોને આ જમીનના કબજાથી બેદખલ કરી દઈશું. તમોને તમારી જમીનમાં પેસવા દઈશું નહીં. તમે ગમે તે કરો પણ આ જમીન અમે જ વાવવાના છીએ તેવી ધમકીઓ આપેલી. આ કામના પ્રા.વાદીઓનં. ૧ થી ૩ નાઓનો વાદવાળી જમીન ઉપર કોઇ પણ જાતનો કોઈ હકક અધિકાર નથી તેમ છતાં આ કામના પ્રા.વાદીઓ નં. ૧ થી ૩ નાઓ બળજબરીથી જુથબળના જોરે વાદીઓની વાદવાળી જમીનનો કબજો કરી લે તો વાદીઓ તેઓની કાયદેસરના કબજા ભોગવટાવાળી જમીનના કબજાથી વંચિત થઈ જાય અને વાદીઓને નાણાંથી ભરપાઈ ન થાય તેવું ગંભીર પ્રકારનું નુકશાન થાય. જો પ્રા.વાદીઓ નં. ૧ થી ૩ નાઓ વાદીઓ પાસેથી વાદવાળી જમાનનો બળજબરીથી કબજો છીનવી લે અને વાદીઓને સદરહુ જમીનમાં ખેતીકામ કરતાં કે આવતાં જતાં અટકાવ, અંતરાય કરે તો વાદીઓ તેઓની જમીનનો વાપર ઉપભોગ કરી શકશે નહીં અને વાદીઓ તેઓના કાયદેસરના અધિકારથી વંચિત થઈ જશે. પ્રા.વાદીઓ નં. ૧ થી ૩ નાઓ જુથબળવાળા છે અને બોલ્યુ પાળે તેવા છે અને પ્રા.વાદીઓ નં. ૧ થી ૩ નાઓ તેમના ગેરકાયદેસરના કૃત્યમાં ફાવી જાય તો વાદીઓની દાવાવાળી જમીન કાયમ માટે છીનવાઈ જાય અને વાદીઓ સદરહુ

જમીન ઉપરના કાયદેસરના હકકો નષ્ટ થાય અને પ્રા.વાદીઓનં.૧ થી ૩ ના આવા ગેરકાયદેસરના કૃત્યને અટકાવવા માટે વાદીઓની કાયદેસરની મિલકત તથા કાયદેસરના હકકોનું રક્ષણ કરવા માટે નામદાર કોર્ટમાં ડેકલેરેશન મેળવવા તથા જાયુનો મનાઈ હુકમ મેળવવા આ દાવો કરવાની જરૂર પડી છે.

3. <u>**કોર્ટ ની કાર્યવાહી:-**</u>

વાદીઓ એ દાવો દાખલ કરતા અત્રે ની પુરોગામી કોર્ટે પ્ર. વાદીઓ ને સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ જે પ્રતિવાદીઓ ને બજી જતા પ્રતિવાદી નંબર 1 થી 3 ના માટે વી.વ.શ્રી. એન.બી.ચૌહાણ નાઓ હાજર થયેલ. ત્યારબાદ જવાબ માટે પર્યાપ્ત મુદતો આપેલ હોવા છતા તેઓએ જવાબ રજૂ કરેલ ન હોય અત્રે ની પુરોગામી કોર્ટે તેઓના તા. 04.09.2019 ના રોજ ના હુકમ થી પ્રતિવાદીઓનો જવાબ નો હક્ક બંધ કરેલ છે. પ્રતિવાદીઓ 4 થી 7 ને સમન્સ બજેલ હોવા છતાં હાજર રહેલ નથી. ત્યારબાદ કામ કામ ચલાઉ મનાઈ અરજી ની સુનાવણી માટે હોય વાદી ના વી.વશ્રી ને સાંભળવામાં આવેલ છે.

4. <u>**વાદીઓઓ તરફે આંક-5 અરજી લગત દલીલો:-**</u>

A. સદરહુ કેસ આંક-5 ની દલીલો માટે રાખતા વાદીઓ ના વી. વકીલ શ્રી આર.બી.ભટ્ટ નાઓ એ દાવા અરજી ને દલીલો ગણી લેવા જણાવેલ છે. તેમજ દલીલ કરેલ છે કે વાદીઓ દાવા વાળી મિલકત ના કાયદેસર ના માલિક અને કબજેદાર છે. વાદીઓ ને દાવાવાળી જમીન ગણોતિયા તરીકે મળેલ હોય તેમજ ગણોત ધારા ની જોગવાઈઓ મુજબ વાદીઓ ની તરફેણ માં મામલતદાર,

એ.એલ.ટી, ડેપ્યુટી કલેક્ટર તેમજ ગુજરાત રેવન્યુ ટ્રિબ્યુનલ એ ઠરાવેલ છે અને વાદીઓ એ ગણોતિયા ઠરાવી વાદીઓ ની તરફેણ માં રેવન્યુ રેકર્ડ માં નોંધ પાડવામાં આવેલ છે. વધુ માં વાદીઓ દાવા વાળી જમીન નો કબ્જો ભોગવટો ધરાવે છે તેમજ પાક લે છે. જેથી વાદીઓઓ નો પ્રાઈમાં ફેસી કેસ છે તેમજ બેલેન્સ ઓફ કનવિનિયન્સ પણ વાદીઓઓ ની તરફેણ માં છે. વધુ માં જો કામ ચલાઉ મનાઇ હુકમ ન આપવામાં આવે તો વાદીઓ દાવા વાળી જમીન માં ખેતી કરી શક્શે નહિ અને જેથી વાદીઓઓ ને નાણાં થી ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થશે જેથી વાદીઓઓ ના વી. વ. શ્રી એ વાદીઓઓ ની તરફેણ માં કામ ચલાઉ મનાઈ હુકમ આપવા વિનંતી કરેલ છે.

5. વાદીઓઓની દાવા હકીકતો, રજૂ કરેલા દસ્તાવેજો અને વાદીઓની લેખિત દલીલો ધ્યાને લેતા, આ અરજી ના ન્યાય નિર્ણય માટે નીચે પ્રમાણે ના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:-

A. શું વાદીઓઓ પુરવાર કરે છે કે વાદીઓઓ નો પ્રથમ દર્શનીય કેસ છે ?

B. શું વાદીઓઓ પુરવાર કરે છે કે બેલેન્સ ઓફ કનવિનિયન્સ વાદીઓઓ ની તરફેણ માં છે ?

C. શું વાદીઓઓ પુરવાર કરે છે કે જો માંગ્યા મુજબ નો કામચલાઉં મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીઓઓ ને નાણાં થી ભરપાઈ ન કરી શકાય તેવું નુકસાન થાય એમ છે ?

D. આખરી હુકમ ??

6. ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે પ્રમાણે છે-

A. અંશતઃ હકાર માં

B. હકાર માં

C. હકાર માં

D. આખરી હુકમ મુજબ

**કારણો:-**

**મુદ્દા નંબર 1 થી 3 ની સંયુક્ત ચર્ચા:-**

7. નામદાર સુપ્રીમ કોર્ટે કામચલાઉ મનાઈ અરજી ના ન્યાય નિર્ણય માટે ધ્યાને રાખવા બાબત સૂચનો આપેલ છે તેં માનસહ વંચાણે લેવા જરૂરી છે જે નીચે પ્રમાણે છે. નામદાર સુપ્રીમ કોર્ટે તેઓ ના **Dalpat Kumar Versus Prahlad Singh 1991 (0) AIJEL-SC 7212** ના ચુકાદા માં પેરા 5 માં ઠરાવેલ છે કે:-

"Therefore, the burden is on the plaintiff by evidence aliunde by affidavit or otherwise that there is "a prima facie case" in his favour which needs adjudication at the trial. The existence of the prima facie right and infraction of the enjoyment of his property or the right is a condition for the grant of temporary injunction. Prima facie case is not to be confused with prima facie title which has to be established, on evidence at the trial. Only prima facie case is a substantial question raised, bona fide, which needs

investigation and a decision on merits. Satisfaction that there is a prima facie case by itself is not sufficient to grant injunction. The Court further has to satisfy that non-interference by the Court would result in "irreparable injury" to the party seeking relief and that there is no other remedy available to the party except one to grant injunction and he needs protection from the consequences of apprehended injury or dispossession. Irreparable injury, however, does not mean that there must be no physical possibility of repairing the injury, but means only that the injury must be a material one, namely one that cannot be adequately compensated by way of damages. The third condition also is that "the balance of convenience" must be in favour of granting injunction. The Court while granting or refusing to grant injunction should exercise sound judicial discretion to find the amount of substantial mischief or injury which is likely to be caused to the parties, if the injunction is refused and compare it with that it is likely to be caused to the other side if the injunction is granted. If on weighing competing possibilities or probabilities of likelihood of injury and if

the Court considers that pending the suit, the subject-matter should be maintained in status quo, an injunction would be issued. Thus the Court has to exercise its sound judicial discretion in granting or refusing the relief of ad interim injunction pending the suit.”

- જેથી મુદ્દા નંબર 1 થી 3 એક બીજા સાથે સંકળાયેલ હોય પુનરાવર્તન ટાળવા સાથે ચર્ચા કરવામાં આવે છે. વાદીઓઓ એ તેઓ ની દાવા હકીકત માં જણાવેલ છે કે દાવાવાળી જમીન વાદીનં. 1,3 ના પિતા, વાદી નં. 2/1 અને 2/2 ના પિતા, અને પ્રા.વાદીનં. 5 થી 7 ના દાદા- ગુજ. ફતેસિંહનાઓને ગણોતધારાનો કેસ મામલતદાર અને કૃષિપંચ નડીઆદમાં ગણોત કેસ નં. ૩૨ ગ /૧૨૨૪ - ૧૨૨૫/૯૨ ના કેસમાં તા. ૧૪-૬-૯૫ ના રોજના ગણોત હકકથી મળેલી છે જે કેસમાં જમીન માલીક તરીકે આ કામના પ્રા.વાદીનં.૧ થી ૩ નાઓ હતા. મામલતદાર અને કૃષિપંચ નડીઆદ નાઓએ અમો વાદીનં. ૧, ૩ તથા તેઓના ગુજરનાર ભાઈ ફતેસિંહ બેચરભાઈને આ વાદવાળી જમીનના ગણોતીયા ઠરાવેલા ત્યારબાદ તેની સામે ખેડા જીલ્લાના મે. નાયબ કલેકટર (જ.સુ.) સાહેબની કોર્ટમાં ટે. અપીલ નં. ૧૭૯/૯૫ થયેલી. જે નામંજુર કરવામાં આવતાં તેની સામે ગુજરાત મહેસુલ પંચ અમદાવાદમાં રીવીઝન અરજી નંબર ટીઈએન/બી.એ.નં.૨૬૯/૯૬ ની દાખલ થયેલી. સદરહુ રીવીઝનનો ઠરાવ તા.૩-૪-૨૦૧૨ ના રોજ થયેલો અને તેમાં પણ નીચેની બંને કોર્ટોના હુકમો મંજુર રાખેલા અને રીવીઝન અરજી નામંજુર કરવામાં આવેલી. આમ વાદીનં. ૧ થી ૩ તથા પ્રા.વાદીનં.૪ થી ૭ નાઓ વાદવાળી મિલકતના પ્રત્યક્ષ કબજા ભોગવટેદાર કાયદેસર રીતે છે. વાદીઓ એ નિશાની

3/1 થી દાવાવાળી જમીન ની ગામ નમૂના નંબર 7/12 ની નકલ રજુ કરેલ છે જેમાં કબજેદાર તરીકે માનસિંગ બેચરજી, ફતેસિંહ બેચરજી અને ઉદેસિંહ બેચરજી નું નામ આવેલ છે જેથી જ્યારે પ્ર.વાદીએ જ્યારે તેની વિરુદ્ધ ની હકીકત રેકર્ડ પર લાવવા કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ ન હોય ત્યારે પ્રાથમિક દૃષ્ટિ એ વાદીઓ નું કબ્જો ભોગવટો હોવાનું જણાઈ આવે છે. તેમજ વાદીઓએ નિશાની 3/3, 3/4 અને 3/5 થી રેવન્યુ કોર્ટો ના હુકમો ની નકલ રજુ કરેલ છે જેથી તેવું સ્પષ્ટ પણે ફલીત થાય છે કે વાદીઓ ને દાવાવાળી જમીન ગણોત હક્ક માં મળેલી. જેથી દાવાવાળી જમીન વાદીઓ ના કબ્જા ભોગવટા માં હોવાનું પ્રાથમિક દૃષ્ટિ એ જણાઈ આવે છે. પરંતુ નિશાની 3/3 થી રજૂ થયેલ મામલતદાર અને કૃષિપંચ નો હુકમ ધ્યાને લેતા દાવાવાળી જમીન માં માનસિંગ બેચરજી, ફતેસિંહ બેચરજી અને ઉદેસિંહ બેચરજી નાઓ ને કાયમી ગણોતિયા તરીકે ઠરાવવામાં આવેલ અને વાદીઓને રૂ. ચૌદ સો બાસઠ અને ઝાડ ની કિંમત રૂ. પંદરસો જમાં કરાવવા જણાવેલ પરંતુ વાદીઓ એ સદરહુ રકમ ભરેલ કે કેમ અને ત્યારબાદ શું તેમની તરફેણ માં ગણોત ધારા ની જોગવાઈઓ મુજબ (નમૂના નંબર 9) ખરીદી નું પ્રમાણપત્ર ઇસ્યુ થયેલ કે કેમ તે બાબતે ના કોઈ દસ્તાવેજી પુરાવાઓ વાદીઓ એ અત્રે ની કોર્ટ સમક્ષ રજૂ કરેલા નથી. જેથી ઉપરોક્ત ચર્ચા ના અંતે મુદ્દા નંબર 1 નો જવાબ અંશતઃ હકાર માં આપવામાં આવે છે.

8. ત્યારબાદ વાદીઓઓ ની કેસ હકીક્ત ધ્યાને લેતા વાદીઓ નું નામ દાવાવાળી જમીન ના ગામ નમૂના નં 7 અને 12 ઉપર આવેલ હોય તેમજ તેઓ ને રેવન્યુ કોર્ટો એ કાયમી ગણોત ઠરાવેલ હોય જેથી દાવાવાળી જમીન જ્યારે વાદીઓ ખેડતા હોય ત્યારે બેલેન્સ ઓફ કનવિનિયન્સ વાદીઓઓ ની તરફેણ માં હોવા નું અત્રે ની કોર્ટ નું માનવું છે. જેથી

મુદ્દા નંબર 2 નો જવાબ હકાર માં આપવામાં આવે છે. ત્યારબાદ સદરહુ કેસ હકીકત જોતા જ્યારે વાદીઓઓ નો કેસ એવો હોય કે વાદીઓ નું નામ દાવાવાળી જમીન ના ગામ નમૂના નં 7 અને 12 ઉપર આવેલ હોય તેમજ તેઓ ને રેવન્યુ કોર્ટો એ કાયમી ગણોત ઠરાવેલ હોય જેથી દાવાવાળી જમીન જ્યારે વાદીઓ ખેડી ઉપજ નીપજ લેતા હોય ત્યારે જો પ્રતિવાદીઓ વાદીઓ ના કબ્જા ભોગવતા માં સખત અંતરાય ઊભો કરે તો વાદીઓ ને નાણાં થી ભરપાઈ ન થઈ શકે તેવો નુકસાન થઈ શકે તેવી શક્યતા ને પણ નકારી શકાય નહી. જેથી મુદ્દા નં. 3 નો જવાબ હકાર માં આપવામાં આવે છે.

9. ત્યારબાદ જ્યારે વાદીઓઓ જ્યારે ઓર્ડર 39 રૂલ 1,2 ની જોગવાઇ સંતોષતા હોય તો શું તેઓ ની તરફેણ માં કામ ચલાઉ મનાઈ હુકમ ફરજિયાત પણે આપવું જોઈએ કે કેમ તેની ચર્ચા આવશ્યક બને છે. નામદાર સુપ્રીમ કોર્ટે ***Deoraj Versus State Of Maharashtra reported in 2004 (0) AIJEL-SC 7632*** માં આપેલ ચુકાદા ના પેરા 11 માં નીચે પ્રમાણે અવલોકન કર્યા છે જે ધ્યાને લેવા પાત્ર છે:-

11. The Courts and Tribunals seized of the proceedings within their jurisdiction take a reasonable time in disposing of the same. This is on account of fair procedure requirement which involves delay intervening between the previous and the next procedural steps leading towards preparation of case for hearing. Then, the Courts are also over burdened and their hands are full. As the conclusion of hearing on merits is likely to take some time, the parties press for interim relief being granted in the interregnum. An order of interim relief may or may not be a reasoned one but the factors of prima facie case, irreparable injury and balance of convenience do work at

the back of the mind of the one who passes an order of interim nature. Ordinarily, the Court is inclined to maintain status quo as obtaining on the date of the commencement of the proceedings. 130 However, there are a few cases which call for the Court's leaning not in favour of maintaining the status quo and still lesser in percentage are the cases when an order tantamounting to a mandamus is required to be issued even at an interim stage. There are matters of significance and of moment posing themselves as moment of truth. Such cases do cause dilemma and put the wits of any Judge to test. ***Situations emerge where the granting of an interim relief would tantamount to granting the final relief itself. And then there may be converse cases where withholding of an interim relief would tantamount to dismissal of main petition itself; for, by the time the main matter comes up for hearing there would be nothing left to be allowed as relief to the petitioner though all the findings may be in his favour. In such cases the availability of a very strong prima facie case - of a standard much higher than just prima facie case, the considerations of balance of convenience and irreparable injury forcefully tilting the balance of case totally in favour of the applicant may persuade the Court to grant an interim relief though it amounts to granting the final relief itself. Of course, such would be rare and exceptional cases. The Court would grant such an interim relief only if satisfied that withholding of it would prick the conscience of the Court and do violence to the sense of justice, resulting in injustice being perpetuated throughout the hearing, and at the end the Court would not be able to vindicate the cause of justice.*** Obviously such would be rare cases accompanied by

compelling circumstances, where the injury complained of is immediate and pressing and would cause extreme hardship. The conduct of the parties shall also have to be seen and the Court may put the parties on such terms as may be prudent.

10. જેથી નામદાર સુપ્રીમ કોર્ટે કરેલ ઉપરોક્ત ચુકાદા માં કરેલ અવલોકનો ધ્યાને લેતા જ્યારે દાવા ની અંતિમ દાદ અને કામચલાઉ દાદ એક સરખી હોય અને જો કામ ચલાઉ હુકમ અંતિમ હુકમ થયા બરાબર હોય ત્યારે વાદીઓએ માત્ર પ્રાઈમાફેસ કેસ સાબિત કરવાં માત્ર થી કામ ચલાઉ મનાઈ હુકમ આપી શકાય નહિ. કેટલાંક પ્રસંગોમાં એવી પરિસ્થિતિ ઊભી થાય છે કે ઇન્ટરિમ રાહત આપવી એ જ મુખ્ય રાહત આપી દેવા જેવી બનતી હોય છે. બીજી બાજુ, કેટલાક કેસોમાં ઇન્ટરિમ રાહત ન આપવામાં આવે તો મુખ્ય અરજીનો હેતુ જ નિષ્ફળ બની જાય એવી શક્યતા રહે છે; કેમ કે જ્યારે મુખ્ય મામલો સુનાવણી માટે આવશે ત્યારે, ભલે તમામ મુદ્દાઓ અરજદારના પક્ષે હોય, છતાં અરજદારને આપવા જેવી રાહત કંઈ બાકી જ ન રહી હોય પરંતુ આવી પરિસ્થિતિઓ દુર્લભ અને વિશેષ હોય જેથી તેવા સંજોગો માં જ્યારે ઇન્ટરિમ રાહત ન આપવાથી ન્યાયની ભાવના દૂષિત થતી હોય, અયોગ્યતા સતત યથાવત રહેતી હોય, અને અંતે કોર્ટ ન્યાયને પૂરતું સંતોષ આપી ન શકે એવી સ્થિતિ સર્જાતી હોય ત્યારે કોર્ટ એવો કામ ચલાઉ મનાઈ હુકમ નો આદેશ આપી શકે. અત્રે ની કેસ હકીકત ને ધ્યાને લેતા વાદીઓ એ જણાવેલ છે કે દાવો દાખલ કર્યા ની એક દિવસ પેહલા પ્ર.વાદીઓ નંબર 1 થી 3 નાઓ એ વાદીઓ ના કબ્જા ભોગવટા માં દખલ અંતરાય ઊભો કરવાની કોશિશ કરેલી પરંતુ તે હકીકત ને રેકર્ડ પર લાવવા વાદીઓ એ કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી કે એવી કોઈ ફરિયાદ કરેલ હોય તેવું પણ જણાઇ આવતું હોય. તેમજ દાવા ના કામે

થયેલ પંચનામા ની વિગતો ધ્યાને લેતા પણ દાવા વાળી જમીન પર પ્રાથમિક દૃષ્ટિ એ શાંત કબ્જો આવેલ હોવાનું જણાઈ આવે છે. જેથી વાદીઓઓનો કેસ એવો કેસ નથી કે જ્યાં જ્યારે કામ ચલાઉં મનાઇ હુકમ અને અંતિમ હુકમ એકસમાન હોઇ અને જો આવો કામ ચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો કાયદા નો હેતુ માર્યો જશે તેવું પણ જણાઇ આવતું નથી. જેથી જ્યારે કામ ચલાઉ મનાઈ હુકમ ડિસ્ક્રીશનરી રીલિફ હોય અને વાદીઓઓ નો કેસ કોઈ અપવાદ રૂપ ન હોય જેથી તેવા સંજોગો માં જો કામ ચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે તો પુરાવો લીધા વિના તે અંતિમ હુકમ સમાન હોય જેથી તેવા સંજોગો માં કામચલાઉ મનાઈ હુકમ આપવું અત્રે ની કોર્ટ ને યોગ્ય જણાય આવતું નથી. જેથી ઉપરોક્ત ચર્ચા કરેલ હકીકતો, વાદીઓ ની દલીલો અને કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા નીચે મુજબ નો અરજી તળે આખરી હુકમ કરવામાં આવે છે:-

## <u>હુકમ:-</u>

1. વાદીઓની કામચલાઉ મનાઈ હુકમ મેળવવા દાખલ કરેલ આંક-5 ની આ અરજી નામંજૂર કરવાનો હુકમ કરવામાં આવે છે.
2. ખર્ચ બાબતે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તારીખ 02.12.2025 ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ: મહુધા
તારીખ: 02.12.2025

કિશનકુમાર આર. મૌર્ય
પ્રિન્સિપાલ સિવિલ જજ, મહુધા, જી. ખેડા.
(જજ કોડ: GJ-01723)